## –:: આંક– ૧ નીચે હુકમ ::–

(૧) ફરીયાદીને સાંભળ્યા, પુરસીસ તથા કેસનું રેકર્ડ વંચાણે લીધુ. આ કામે ફરીયાદીને નોટીસ કરતા ફરીયાદી કોર્ટ સમક્ષ હાજર છે. પરંતુ આરોપી લાંબા સમયથી હાજર થયેલ નથી. ફરીયાદી આંક–૯હાલની પુરસીસ થી જાહેર કરેલ છે કે, તેઓ આરોપી/આરોપીઓ વિરૂધ્ધનો ગુનો કમ્પાઉન્ડ (દરગુજર) કરે છે.અને તેમને સદર કેસ આગળ ચલાવવો નથી સદર પુરસીસ તેઓને વાંચી, સંભળાવી સમજાવતા સ્વેચ્છાએ કબુલ–મંજુર રાખેલ છે. તેમજ હાલના કામે આરોપી લાંબા સમયથી કોર્ટમા હાજર થયેલ નથી તેમજ ફરીયાદીએ આંક–૯થી આરોપીની ગેર હાજરીમા સમાધાન થઈ ગયેલ હોવાનુ જણાવેલ છે તેમજ હાલના ગુનામા આરોપી વીરૂધ્ધ ફરમાવેશ તહોમત સમાધાન લાયક કોઈ સમાધાન ગ્રાહય રાખી શકાય .

(૨) ઉપરોકત હકીકતે આ કોર્ટે નિર્ણય કરવાનો છે કે ,આરોપી/આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર ન હોય અને રજુ થયેલ પુરસીસમાં તેની સહી ન હોય તો પણ કોર્ટ આરોપી/આરોપીઓ વિરૂધ્ધનો ગુનો તેમની ગેરહાજરીમાં કમ્પાઉન્ડ કરી શકે કે કેમ? આ કોર્ટના ધ્યાન ઉપર નીચે મુજબનાં ચુકાદાઓ તથા નામદારશ્રી ગુજરાત હાઈકોર્ટના સરકયુલર નં.૨૬૧૯/ ૨૦૧૬ તા. ૫/૭/૨૦૧૬ વાળો આવેલ છે.

૧. વાય.પી.બૈજુ વિ.સ્ટેટ ઓફ કેરેલા ૨૦૦૮ ક્રિ.લો.જ.–૯૨૮.

૨. યેસુદાસ અને બીજા વિ. સબ–ઈન્સ્પેકટર ઓફ પોલીસ, કલ્લાસમેસરી અને બીજા, ક્રિ.લો.જ.–૧૨૯૦

૩. ઉપરોકત ચુકાદાઓમાં નામ.કેરેલા હાઈકોર્ટે નીચે મુજબનો સિધ્ધંતો પ્રસ્થાપીત કરેલ છે.

(એ) ક્રિ.પ્રો.કો.કલમ–૩૨૦ માં કરેલ કોમ્પોઝીશનની જોગવાઈ એક પક્ષીય પ્રક્રિયા છે અને તે દવીપક્ષીય ક્રિયા નથી.

(બી) ક્રિ.પ્રો.કો.કલમ–૩૨૦(૧) તથા ૩૨૦ (૨) મુજબ કોમ્પોઝીશનના નામે અરજી સદર કલમના કોઠાની કોલમ નં.૩ માં વર્ણવેલ ભોગ બનનાર વ્યકિતમાં તેની સહીથી થઈ શકે.

(સી) કોમ્પોઝીશનની અરજી ફરીયાદી / ભોગબનનાર તથા આરોપીની સંયુકત સહીથી આપવા માટે કોર્ટ ફરજ પાડી શકે નહીં.

(ડી) ક્રિ. પ્રો. કોડ કલમ–૩૨૦ મુજબની કોમ્પોઝીશનની જોગવાઈ ધ્યાને લેતા કોર્ટ આરોપીને હાજર રાખવા ફરજ પાડી શકે નહીં.

(ઈ) ક્રિ. પ્રો. કોડ કલમ–૩૨૦ હેઠળ ગુનો કમ્પાઉન્ડ કરવાની ક્રિયા કોર્ટે ગુન્હાનું સંજ્ઞાન લે તે પહેલા ઈન્વેસ્ટીગેશનના સ્ટેજે પણ થઈ શકે.

(૩) આમ ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો સાથે નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા કરવામાંઆવેલ ઉપરોકત સરકયુલર ઘ્યાને લીધા. સદર સિધ્ધાંતો મુજબ ક્રિ.પો.કોડ કલમ–૩૨૦ મુજબ ગુનો કમ્પાઉન્ડ (દરગુજર–માફ) કરવા માટે માફ કરવાની પુરસીસમાં આરોપીની સહી ફરજીયાત નથી તેમજ આરોપીની આ કોર્ટ સમક્ષ હાજરી ફરજીયાત નથી. તેથી હાલની પુરસીસ સ્વિકારવાને પાત્ર છે. તેમજ ફરીયાદની હીકતને ઘ્યાને લેતા જો પુરસીસ ગ્રાહય રાખી કેસ ફેંસલ કરવામાં આવેતો અન્ય કોઈ વ્યકિતના કોઈ હીતને નુકશાન થતુ હોય તેમ જણાતું નથી. વધુમાં આરોપીને હાજર રાખ્યા બાદજ સમાધાન ગ્રાહય રહેશે તે રીતે ફરજ પાડવામાં આવેતો કેસના પરિણામમાં કોઈ ફેર પડતો હોય તેમ જણાતું નથી. અને ફરીયાદી/ ભોગબનનારે સ્વૈચ્છિક રીતે હાલની કમ્પાઉન્ડ માટેની પુરશીશ આપેલ છે. તેથી આરોપી/આરોપીઓ હાજર નથી તે કારણસર તે નામંજુર કરવાથી અર્થહીન કાર્યવાહી થશે અને આવી કાર્યવાહી કર ભરતા લોકોના નાણાં વેડફવા બરાબર થશે માટે ઉપરોકત તમામ પાસા ઘ્યાને લઈ હાલની પુરસીસ રેકર્ડ કરવામાં આવે છે. અને ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **:: હુકમ ::**

૧. આ કામના આરોપી/આરોપીઓ ને ક્રિ.પ્રો.કોડની કલમ–૩૨૦(૧) (૨) (૮) અન્વયે તેમની સામે નોંધાયેલ ઈ.પી.કોડ કલમ **૩૭૯,૧૧૪**ના ગુન્હાના તહોમત માંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ બાબતે અગાઉ કોર્ટ દ્વારા વચગાળાનો હુકમ કરેલ હોયતો તે કાયમ રાખવામા આવે છે અન્યથા મુદ્દામાલની માલીકી અંગેની ખરાઈ કરી મુદ્દામાલ પરત કરવા હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ તા.૧૩મી માહે–મે, સને–૨૦૨૩નાંરોજ લોકઅદાલતમા જાહેર કર્યો.

તા.૧૩/૦૫/૨૦૨૩
રાજકોટ

(કિર્તીકુમાર મનોજકુમાર ગોહેલ)
૧૨મા એડી.સીનીયર સીવીલ જજ અને
એડી.ચીફ જયુ.મેજી.ફ.ક.રાજકોટ
જજકોડ જીજે૦૧૧૨૦